**Presented on** : 21/11/2025
Registered on : 21/11/2025
Decided on : 05/05/2026
**Duration** : 00y,05m,14d.

**આંક– ૧૦**

**નડીઆદના મહે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં,**
**મુ.નડીઆદ.,**

જજમેન્ટની તારીખ : ૦૫ /૦૫ /૨૦૨૬
ફોજદારી કેસ નં. ૮૮૭૫ / ૨૦૨૫

નડીઆદ ટાઉન પો.સ્ટે.એફ.આઈ.આર. નં.ગુ.ર. નં.
૧૧૨૦૪૦૪૬૨૫૦૫૮૯/૨૦૨૫

**ગુનો: બી.એન.એસ.કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી)**
**એમ.વી.એક્ટ કલમ–૧૭૭, ૧૮૪**

**ફરીયાદી :** શ્રી સરકાર
વિજયભાઈ અશોકભાઈ તળપદા
રહે.સીવીલરોડ શાળા નં.૨૪ નજીક, તા.નડીયાદ, જી.ખેડા

**ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.** શ્રી જે.આર.ત્રીવેદી

**આરોપી:** જય મયુરભાઈ ઠાકોર
રહે.ઠાકોરવાસ, શિતલ સિનેમા પાછળ, તા.નડીયાદ, જી.ખેડા

**આરોપી પક્ષે** વિ.વ.શ્રી બી.એ.પટેલ

**:: જજમેન્ટ ::**

(૧) ફરીયાદી વિજયભાઈ અશોકભાઈ તળપદાનાઓએ નડીઆદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૧૧૨૦૪૦૪૬૨૫૦૫૮૯/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગત તા.૧૯/૦૭/૨૦૨૫ ના આશરે કલાક–૧૯/૧૫ વાગ્યાના સુમારે

નડીઆદ વી.કે.વી. રોડ રાહુલ ચોકડી ઉપર આ કામના આરોપીએ પોતાની રીક્ષા નં.જીજે–૦૭–એ.ટી.–૯૩૦૩ ની પુરઝડપે બેફીકરાઇ અને ગફલતભરી રીતે ચલાવી એકદમ વાળી દઇ ફરીયાદીના સાહેદના બાઇક નં.જીજે–૦૭–ઇ.એન.–૩૪૭૬ સાથે અથડાવી ફરીયાદી તથા સાહેદોને નીચે પાડી દઇ સાહેદ અજયભાઇના જમણા પગે ઢીંચણ નીચે ફ્રેકચર કરી શરીરે વત્તાઓછા પ્રમાણમાં ઇજાઓ પહોંચાડી બી.એન.એસ.કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ છે.

(૩) સદરહુ ગુનાના કામે આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સની બજવણી થઇ જતા આરોપી હાજર થતા આંક–૦૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેના ગુનાનો ઇન્કાર કરેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો નોંધવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

## મૌખિક પુરાવો

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી વિજયભાઇ અશોકભાઇ તળપદાની જુબાની | ૦૪ |
| ૨. | સાહેદ અજયકુમાર અશોકભાઇ તળપદાની જુબાની | ૦૬ |

## દસ્તાવેજી પુરાવો

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૦૫ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૭ |
| ૩. | મેડીકલ સર્ટીફિકેટ | ૦૮ |

(૪) આ કામે ફરીયાદપક્ષે આંક–૦૯ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે. તેથી આ કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) સદરહું ગુનાના કામે આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોવાનું જણાતા વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.આર.ત્રીવેદી તથા આરોપીના વિ.વ.શ્રી બી.એ.પટેલનાઓએ મૌખિક દલીલ કરેલ છે.

(૭) આ કેસની ઉપરોક્ત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:મુદ્દાઃ–**

**(૧)** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગત તા.૧૯/૦૭/૨૦૨૫ ના આશરે કલાક–૧૯/૧૫ વાગ્યાના સુમારે નડીઆદ વી.કે.વી. રોડ રાહુલ ચોકડી ઉપર આ કામના આરોપીએ પોતાની રીક્ષા નં.જીજે–૦૭–એ.ટી.–૯૩૦૩ ની પુરઝડપે બેફીકરાઇ અને ગફલતભરી રીતે ચલાવી એકદમ વાળી દઇ ફરીયાદીના સાહેદના બાઇક નં.જીજે–૦૭–ઇ.એન.–૩૪૭૬ સાથે અથડાવી ફરીયાદી તથા સાહેદોને નીચે પાડી દઇ સાહેદ અજયભાઇના જમણા પગે ઢીંચણ નીચે ફ્રેકચર કરી શરીરે વત્તાઓછા પ્રમાણમાં ઇજાઓ પહોંચાડી બી.એન.એસ.કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ?

(૮) ઉપરોક્ત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

**//નિર્ણયો//**

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

## <u>//કારણો//</u>

(૯) ફોજદારી કાર્યરીતી પ્રણાલી પ્રમાણે ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુના શંકાથી પર સાબીત કરવાના હોય છે અને તે મુજબ આ શંકારહિત કેસ સાબીત કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શીરે છે જેથી આ સ્પષ્ટ કાયદાની પરિસ્થિતિ ધ્યાને લઇને નીચે મુજબના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૧૦) સદર કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે આંક–૦૫ થી અસલ ફરિયાદ રજુ થયેલ છે જે વંચાણે લેતા ગત તા.૧૯/૦૭/૨૦૨૫ ના આશરે કલાક–૧૯/૧૫ વાગ્યાના સુમારે નડીઆદ વી.કે.વી. રોડ રાહુલ ચોકડી ઉપર આ કામના આરોપીએ પોતાની રીક્ષા નં.જીજે–૦૭–એ.ટી.–૯૩૦૩ ની પુરઝડપે બેફીકરાઇ અને ગફલતભરી રીતે ચલાવી એકદમ વાળી દઇ ફરીયાદીના સાહેદના બાઇક નં.જીજે–૦૭–ઇ.એન.–૩૪૭૬ સાથે અથડાવી ફરીયાદી તથા સાહેદોને નીચે પાડી દઇ સાહેદ અજયભાઇના જમણા પગે ઢીંચણ નીચે ફ્રેકચર કરી શરીરે વત્તાઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી વિગેરે ગુના સબબની ફરીયાદ આરોપી સામે આપેલી છે. વધુમાં ફરીયાદપક્ષ તરફે તેઓની આંક–૦૫ વાળી ફરીયાદને પુરવાર કરવા માટે **આંક–૦૪** થી ફરીયાદી વિજયભાઇ અશોકભાઇ તળપદાનો મૌખિક પુરાવો રજુ રાખેલ છે જે વંચાણે લેવામાં આવે તો, બનાવ એક વર્ષ અગાઉ સાંજના સાત વાગ્યાની આસપાસ નાના કુંભનાથ રોડ રાહુલ ચોકડી પાસે બનેલો. બનાવ વખતે ફરીયાદી તથા તેઓનો ભાઇ અજય તથા તેઓનો ભાણો જગદીશ મોટરસાયકલ ઉપર જતા હતા. મોટરસાયકલ ફરીયાદીનો ભાઇ અજય ચલાવતો હતો. તે વખતે અચાનક એક મોટુ વાહન બાજુમાંથી પસાર થતા તેઓ ત્રણેય જણા નીચે પડી ગયેલા. જેમાં અજયને જમણા પગે ઢીંચણે વાગેલું. ફરીયાદીને તથા જગદીશને કાંઇ ઇજા થયેલ નહી. ફરીયાદીના ભાઇ અજયને સારવાર માટે સીવીલ

હોસ્પિટલમાં લઇ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે પ્રથમ હોસ્પિટલમાં લઇ ગયેલ. ત્યાં ડોકટરે તેને ઢીંચણના ભાગે ફ્રેકચર હોવાનું જણાવેલું. ફરીયાદીએ ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદની પ્રમાણીત નકલ બતાવવામાં આવે છે જેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે **આંક–૦૫** થી રજુ રાખવામાં આવેલ છે. **આ અજાણ્યુ વાહન કયું હતુ, તેનો નંબર શું હતો તે કોણ ચલાવતું હતુ તેની તેઓને ખબર નથી.**

આમ, ફરીયાદી તેઓની આંક–૦૫ વાળી હકીકતોને સમર્થન આપતો પુરાવો આપતા ન હોય ફરીયાદીને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ઉલટતપાસ કરવા માંગતા હોય તેમને પરવાનગી આપવામાં આવેલી છે તેમ છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થઇ શકે તેવી હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. બચાવપક્ષ દ્વારા આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સદરહુ ફરીયાદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદીનો મૌખિક પુરાવો ધ્યાને લેતા ફરીયાદી દ્વારા તેઓની આંક–૦૫ વાળી ફરીયાદની હકીકતને સમર્થન આપતો પુરાવો રજુ રાખેલ નથી. જેથી ફરીયાદીનો પુરાવો ફરીયાદપક્ષના કેસને નિઃશંકપણે પુરવાર કરવા માટે લેશમાત્ર મદદરૂપ નિવડી શકતો નથી.

(૧૧) વધુમાં ફરીયાદપક્ષ તરફે **આંક–૦૬** થી સાહેદ અજયકુમાર અશોકભાઇ તળપદાનો મૌખિક પુરાવો રજુ રાખેલ છે જે વંચાણે લેવામાં આવે તો, બનાવ એક વર્ષ અગાઉ સાંજના સાત વાગ્યાની આસપાસ નાના કુંભનાથ રોડ રાહુલ ચોકડી પાસે બનેલો. બનાવ વખતે તેઓ તથા તેઓનો ભાઇ વિજય તથા તેઓનો ભાણો જગદીશ મોટરસાયકલ ઉપર જતા હતા. મોટરસાયકલ તેઓ ચલાવતા હતા. તે વખતે અચાનક એક મોટુ વાહન બાજુમાંથી પસાર થતા તેઓ ત્રણેય જણા નીચે પડી ગયેલા. જેમાં મને જમણા પગે ઢીંચણે વાગેલું. વિજય

તથા જગદીશને કાંઇ ઈજા થયેલ નહી. તેઓને સારવાર માટે સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે પ્રથમ હોસ્પિટલમાં લઈ ગયેલ. ત્યાં ડોકટરે તેઓને ઢીંચણના ભાગે ફ્રેકચર હોવાનું જણાવેલું. તેઓના ભાઇએ ફરીયાદ આપેલી. પોલીસે તેઓનું નિવેદન લીધેલું. આ અજાણ્યુ વાહન કયું હતુ, તેનો નંબર શું હતો તે કોણ ચલાવતું હતુ તેની તેઓને ખબર નથી.

આમ, સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતો પુરાવો આપતા ન હોય સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ઉલટતપાસ કરવા માંગતા હોય તેમને પરવાનગી આપવામાં આવેલી છે તેમ છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થઇ શકે તેવી હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. બચાવપક્ષ દ્વારા આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૨)** વધુમાં, ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સમર્થનમાં આંક–૦૫ થી ફરિયાદ તેમજ આંક–૦૭ થી પંચનામું તેમજ આંક–૦૮ થી મેડીકલ સર્ટીફિકેટ રજુ થયેલ છે. પરંતુ ફરીયાદપક્ષ તરફે જે મૌખિક પુરાવો રજુ થયેલ છે તે પુરાવાથી આ તમામ દસ્તાવેજોને લેશમાત્ર સમર્થન મળતુ નથી. જેથી આ દસ્તાવેજી પુરાવા પણ ફરીયાદપક્ષના કેસને નિઃશંકપણે પુરવાર કરવા માટે લેશમાત્ર મદદરૂપ નિવડી શકતો નથી.

**(૧૩)** સદર કામે ***<u>૩૧ મી જુલાઈ, ૧૯૯૬, સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ અને બીજા</u>*** નો ચુકાદો રજૂ થયેલ છે, તે ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લઈએ તો હાલના કામમાં ફરીયાદપક્ષે જે પુરાવો બંધ કરવા જણાવેલ હોય તથા જેટલા પુરાવા હાલના કામમાં રજૂ થયા છે, તેનાથી સરકારપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડે છે અને બાકી રહી જતા સાહેદોને તપાસીને પોતાનો કેસ મજબૂત કરવામાં સરકારપક્ષ નિષ્ફળ નિવડવાની

શકયતા છે. કારણ કે, હાલના કામના અગત્યના સાહેદો સરકારપક્ષે એટલે કે, ફરીયાદીની તરફેણમાં પુરાવા આપતા નથી તો બાકી રહી જતા સાહેદોને તપાસીને કોર્ટનો અમૂલ્ય સમય બગડતો અટકાવવા માટે સદરહુ કેસમાં જણાવેલ સિધ્ધાંતને ધ્યાને લઈ, અન્ય સાહેદો ડ્રોપ કરવા ન્યાયોચિત જણાય છે.

આમ, આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ધ્યાને લઈએ તો, **(1) <u>AIR1977SC170 RABINDRA KUMAR DEY VS STATS OF ORRISA.:-</u>**

(1) That the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defense version while proving its case;

(2) That in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) That the onus of the prosecution never shifts.

આમ, ઉપરોકત ચુકાદો ધ્યાને તેમજ વંચાણમાં લીધેલ છે. આમ, ક્રિમિનલ જયુરીશપ્રુડન્સના ખૂબજ મહત્વના સિધ્ધાંતો પણ ધ્યાને લઈએ તો પણ સરકારપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સંપૂર્ણ નિષ્ફળ નિવડેલ છે.

**(૧૪)** આમ, આ ગુનાનાં કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાને લેતા ફરીયાદીપક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી ગત તા.૧૯/૦૭/૨૦૨૫ ના આશરે કલાક–૧૯/૧૫ વાગ્યાના સુમારે નડીઆદ વી.કે.વી. રોડ રાહુલ ચોકડી ઉપર આ કામના આરોપીએ પોતાની રીક્ષા પુરઝડપે બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી એકદમ વાળી દઈ ફરીયાદીના સાહેદના બાઈક સાથે અથડાવી ફરીયાદી તથા સાહેદોને

નીચે પાડી દઈ સાહેદ અજયભાઈના જમણા પગે ઢીંચણ નીચે ફ્રેકચર કરી શરીરે વત્તાઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી ગુનો કર્યા મુજબની ફરીયાદપક્ષની હકીકતને નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## – : આ ખ રી હુ ક મ : –

(૧) આ કામના આરોપી **જય મયુરભાઈ ઠાકોર** રહે.ઠાકોરવાસ, શિતલ સિનેમા પાછળ, તા.નડીઆદ, જી.ખેડાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૧) અન્વયે તેમની સામેના બી.એન.એસ.કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ મુજબના જામીન આપવા.

હુકમ આજરોજ તા.૦૫ મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૫ / ૦૫ / ૨૦૨૬
મુ.નડીઆદ

**(જયકાંત પરસોત્તમદાસ પરમાર)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નડીઆદ.
**{Code No.GJ01017}**